## પરિશિષ્ટ–૧

**સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયના અલગ અલગ જિલ્લાઓમાં સ્કુલ ઓફ એકસલન્સ શાળાઓમાં ધો.–૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાન વિષયના ૧૧ માસના કરાર આધારિત શિક્ષકોની જગ્યાના કરાર બાબત.**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયના અગલ અલગ જિલ્લાઓમાં સ્કુલ ઓફ એકસલન્સ શાળાઓમાં ધો.–૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાન વિષયના અંદાજીત ૨૫૨ (૮૪×૩) શિક્ષકોની જગ્યાઓ ટૂંકા સમયગાળાના ૧૧ માસના કરાર આધારિત (કોન્ટ્રાકટ બેઝ) ભરતી પ્રક્રિયા માટે નીચે મુજબની શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તથા અનુભવ ધરાવનાર ઉમેદવાર પાસેથી ઓન લાઈન (ON LINE) અરજી મંગાવવામાં આવે છે.

આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈન (ON LINE) અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

આ જગ્યા પરની કરાર આધારિત નિમણૂંક ૧૧ માસના કરાર આધારિત(કોન્ટ્રાકટ બેઝ) ટૂંકા સમયગાળા માટેની છે.

ઉમેદવારોએ ઓનલાઈન (ON LINE)અરજી, **http://www.ssagujarat.org** વેબસાઈટ પર જઈ **Recruitment** પર કલીક કરી, કરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવા માટેની આવશ્યક લાયકાત, અરજી કરવાની રીત, ભરતીના નિયમો અને શરતોની સૂચના/માર્ગર્શિકા વેબસાઈટ પર મૂકેલ છે, જેને વાંચીને અરજી કરવાની રહેશે. ઉમેદવારે ઓન લાઈન કરેલ અરજીની પ્રિન્ટ કરી, પોતાની પાસે રાખવાની રહેશે. ઈન્ટરવ્યુ સમયે આ પ્રિન્ટ આઉટ, તેમજ નિયત લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અને અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે.

**ઓનલાઈન(ON LINE)અરજી કરવાનો સમયગાળો : ૨૦ મે, ૨૦૨૧ (બપોરે ૧૫.૫૯ કલાક થી શરૂ) થી**
**૩૧ મે, ૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)**

**સહી/–**
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ**
**સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર**

## પરિશિષ્ટ–૨
## "ઓન લાઈન"અરજી કરવા માટેની સૂચનાઓ

સમગ્ર શિક્ષા અંતર્ગત રાજયના અગલ અલગ જિલ્લાઓમાં સ્કુલ ઓફ એકસલન્સ શાળાઓમાં ધો.–૬ થી ૮ ના ગણિત–વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની અંદાજીત ૨૫૨ (૮૪×૩) જગ્યાઓ ટૂંકા સમયગાળાના ૧૧ માસના કરાર આધારિત (કોન્ટ્રાકટ બેઝ) કામગીરી કરાર પ્રક્રિયા માટે નીચે મુજબની શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તથા અનુભવ ધરાવનાર ઉમેદવાર પાસેથી ઓન લાઈન (ON LINE) અરજી મંગાવવામાં આવે છે. તેમજ ગુણાંકન પધ્ધતિ અને અન્ય શરતો નીચે મુજબ છે.

(અ) **ગણિત વિજ્ઞાન શિક્ષક :**

**(I) શૈક્ષણિક અને તાલીમી લાયકાત :**

**શૈક્ષણિક લાયકાત :** બી.એસસી. ૫૦% સાથે "ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી અને ભૂસ્તર વિજ્ઞાન પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે અને
**તાલીમી લાયકાત :** બે વર્ષીય પી.ટી.સી.

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે બી.એસસી. "ગણિત, આંકડાશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર રસાયણશાસ્ત્ર, બાયોલોજી, બોટની, ઝુઓલોજી અને ભૂસ્તર વિજ્ઞાન પૈકી કોઈપણ એક અથવા વધારે મુખ્ય વિષય સાથે અને
**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ.

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ અને
**તાલીમી લાયકાત :** ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ અને
**તાલીમી લાયકાત :** ચાર વર્ષીય બી.એસ.સી. એજયુકેશન (B.Sc.Ed.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસ.સી. અને
**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ. (સ્પેશિયલ એજયુકેશન) અને

**(II)** (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી. ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ – ગણિત/વિજ્ઞાન) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ –ટી.ઈ.ટી. માં લઘુતમ ૬૦ ટકા ગુણ મેળવવાના રહેશે. અને

(૨) **સરકાર માન્ય શાળામાં ૩ વર્ષ સવેતન શૈક્ષણિક કાર્યનો અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.**

**(III) ગુણાંકન પધ્ધતિ :**

ઉપર્યુકત શૈક્ષણિક/તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી.માં નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે મુજબ ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એસસી. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એસ.સી. માંથી મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી. માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી. માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**અથવા**

ઈન્ટીગ્રેડ બી.એડ. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે. (ચાર વર્ષનો અભ્યાસક્રમ)

ઈન્ટીગ્રેડ બી.એસ.સી. એજયુકેશન (B.Sc.Ed.)/ બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.) માંથી મેળવેલ ગુણના ૪૫ ટકા

| | |
|---|---|
| એમ.એસ.સી. માંથી મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી. માંથી મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(બ) **ભાષાઓના શિક્ષક :**

**(I) શૈક્ષણિક અને તાલીમી લાયકાત :**

**શૈક્ષણિક લાયકાત :** બી.એ. ૫૦% સાથે (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) /બી.આર.એસ.

**તાલીમી લાયકાત :** બે વર્ષીય પી.ટી.સી.

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) / બી.આર.એસ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) અને

**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ.

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) પાસ અને

**તાલીમી લાયકાત :** ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) પાસ અને

**તાલીમી લાયકાત :** ચાર વર્ષીય બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત) એજયુકેશન (BA.Ed.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**અથવા**

**શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ. (અંગ્રેજી) અને

**તાલીમી લાયકાત :** એક વર્ષીય બી.એડ. (સ્પેશિયલ એજયુકેશન)

**(II)** (૧) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી. ભાષાઓ) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ –ટી.ઈ.ટી. માં લઘુતમ ૬૦ ટકા ગુણ મેળવવાના રહેશે. અને

(૨) **સરકાર માન્ય શાળામાં ૩ વર્ષ સવેતન શૈક્ષણિક કાર્યનો અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.**

**(III) ગુણાંકન :**

ઉપર્યુકત શૈક્ષણિક /તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ લઘુત્તમ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/બી.આર.એસ. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ. (અંગ્રેજી/ગુજરાતી/હિન્દી/સંસ્કૃત)/એમ.આર.એસ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી. માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**અથવા**

ઈન્ટીગ્રેટેડ બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.El.Ed.)/ બી.એ.એજયુકેશન (BA.Ed.) માં મેળવેલ ગુણના ૪૫ ટકા

| | |
|---|---|
| એમ.એ./એમ.આર.એસ. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

(ક) **સામાજિક વિજ્ઞાનના શિક્ષક :**

**(I)** **<u>શૈક્ષણિક અને તાલીમી લાયકાત :</u>**

**<u>શૈક્ષણિક લાયકાત :</u>** બી.એ./બી.આર.એસ. ૫૦% સાથે (ઈતિહાસ/ભુગોળ/નાગરિકશાસ્ત્ર/રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/ બી. કોમ. (અર્થશાસ્ત્ર વિષય સાથે) અને

**<u>તાલીમી લાયકાત :</u>** બે વર્ષીય પી.ટી.સી.

**<u>અથવા</u>**

**<u>શૈક્ષણિક લાયકાત :</u>** ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે બી.એ./બી.આર.એસ. (ઈતિહાસ/ભુગોળ/ નાગરિકશાસ્ત્ર/રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી. કોમ. (અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી. અને

**<u>તાલીમી લાયકાત :</u>** એક વર્ષીય બી.એડ.

**<u>અથવા</u>**

**<u>શૈક્ષણિક લાયકાત :</u>** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) પાસ અને

**<u>તાલીમી લાયકાત :</u>** ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.EI.Ed.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**<u>અથવા</u>**

**<u>શૈક્ષણિક લાયકાત :</u>** ધોરણ–૧૨ (એચ.એસ.સી.) પાસ અને

**<u>તાલીમી લાયકાત :</u>** ચાર વર્ષીય બી.એ./બી.કોમ. એજયુકેશન (BA.Ed./B.Com.BEd.) ઓછામાં ઓછા ૫૦% ગુણ સાથે

**<u>અથવા</u>**

**<u>શૈક્ષણિક લાયકાત :</u>** ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.કોમ. અને

**<u>તાલીમી લાયકાત :</u>** એક વર્ષીય બી.એડ. (સ્પેશિયલ એજયુકેશન)

**(II)** (૧) આ વર્ગ માટે નિયત થયેલ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ–ટી.ઈ.ટી.) અરજી કરવાની છેલ્લી તારીખે પાસ કરેલી હોવી જોઈશે. અને શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજિબીલીટી ટેસ્ટ –ટી.ઈ.ટી. ) માં લઘુતમ ૬૦ ટકા ગુણ મેળવવાના રહેશે. અને

(૨) **સરકાર માન્ય શાળામાં ૩ વર્ષ સવેતન શૈક્ષણિક કાર્યનો અનુભવ ફરજિયાત ધરાવતા હોવા જોઈએ.**

**(III)** ગુણાંકન :

ઉપરોકત શૈક્ષણિક /તાલીમી લાયકાત ધરાવતા અને ટી.ઈ.ટી. માં નિયત કરેલ ૬૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવા માટે નીચે ગુણભાર (Weightage) આપવામાં આવશે.

| | |
|---|---|
| બી.એ./ બી.આર.એસ. (ઈતિહાસ/ભુગોળ/નાગરિકશાસ્ત્ર/રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) બી.કોમ./ (અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી. માં મેળવેલ ગુણના | ૨૦ ટકા |
| એમ.એ./એમ.આર.એસ. (ઈતિહાસ/ભુગોળ/નાગરિકશાસ્ત્ર/રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) એમ.કોમ. (અર્થશાસ્ત્ર)/એમ.એસ.એસસી માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| બી.એડ./પી.ટી.સી. માં મેળવેલ ગુણના | ૨૫ ટકા |
| ટી.ઈ.ટી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**<u>અથવા</u>**

ઈન્ટીગ્રેટેડ બી.એડ. ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે નીચે મુજબ ગુણાંકન પધ્ધતિ અનુસરવાની રહેશે.

| | |
|---|---|
| ઈન્ટીગ્રેટેડ બેચલર ઈન એલીમેન્ટરી એજયુકેશન (B.EI.Ed.)/ બી.એ./બી.કોમ. એજયુકેશન (BA.Bd./B.Com.B.Ed.) માંથી મેળવેલ ગુણના | ૪૫ ટકા |
| એમ.એ./એમ.આર.એસ./એમ.કોમ.)/એમ.એસ.એસસી. માં મેળવેલ ગુણના | ૦૫ ટકા |
| ટી.ઈ.ટી. માં મેળવેલ ગુણના | ૫૦ ટકા |

**<u>નોંધ :</u>** પી.ટી.સી. ના ગુણ ગણતરીના માટે શિ.વિ. ના તા.૭–૭–૦૮ ના ઠરાવ ક્રમાંક : જશભ/૧૨૨૦૮/૨૫૮–ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી. ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્ય શિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપરોકત ટકાવારી ગણવાની રહેશે. વધુમાં વખતો વખત રાજય સરકાર તરફથી નકકી થાય તે મુજબ કરવાની રહેશે.

(૧) **૩ વર્ષનો ફરજિયાત સવેતન અનુભવ નિયત લાયકાત (B.A., B.Com, B.Sc., BRS, B.S.Sc., B.El.Ed., B.Sc.Ed., B.A.Ed., B.Com.B.Ed. તેમજ B.Ed/PTC ) મેળવ્યા બાદનો જ માન્ય ગણવામાં આવશે.**

(૨) શૈક્ષણિક લાયકાત માટે પ્રાથમિક શિક્ષક ભરતી(વિદ્યાસહાયક)ના નિયમો અનુસાર જે યુનિ./ડિગ્રી માન્ય હશે તે જ યુનિ./ડિગ્રી માન્ય ગણાશે. અનુભવ માટે જે તે શાળા/સંસ્થાના વડાનું શૈક્ષણિક કામગીરી કરેલ છે **તેવું પ્રમાણપત્ર જાવક નંબર, તારીખ વાળુ રજુ કરવાનું રહેશે.** અનુભવ માટે પ્રમાણપત્ર ઉપરાંત નીચે પૈકી કોઈ એક આધાર પુરાવા તરીકે આપવાનો રહેશે. અન્યથા ઉમેદવારી રદ કરવામાં આવશે.

- પગાર બેંક/ચેક ધ્વારા કરવામાં આવેલ છે તે માટે બેંક સ્ટેટમેન્ટ કે પાસબુકની નકલ
- હાજરીપત્રકની પ્રમાણિત નકલ
- ડાયસ ડેટામાં સ્ટાફની વિગતમાં ઉમેદવારના નામનો સમાવેશ.
- એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ(EPF) કોન્ટ્રીબ્યુશન પ્રોવિડન્ટ ફંડ(CPF) બાબતનો પુરાવો.
- બીજા એવા કોઈપણ દસ્તાવેજી પુરાવા કે જે નિયમિત રીતે શાળા ધ્વારા જાળવવામાં આવતા હોય અને નિયમિતપણે/સમયાંતરે(અઠવાડિક અથવા પાક્ષિક અથવા માસિક અથવા ત્રિમાસિક અથવા વાર્ષિક)સરકારના કોઈપણ વિભાગમાં અધિકારીઓ પાસે માહિતી સ્વરૂપે કે બીજા અન્ય સ્વરૂપે જમા કરાવવામાં આવતા હોય.

(૩) આ જાહેરાતના સંદર્ભમાં માત્ર ઓન લાઈનો(ON LINE) અરજીઓ જ સ્વીકારવામાં આવશે. ઓનલાઈન (ON LINE) અરજી કરવાનો સમયગાળો **<u>તા.૨૦ મે–૨૦૨૧(બપોરે ૧૫.૫૯ કલાક) તા.૩૧ મે–૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) છે</u>.**

(૪) આ સાથે આપવામાં આવેલ ગુણાંકનના આધારે ઓનલાઈન મેરીટ મુજબ રાજય કક્ષાએ બોલાવી જિલ્લા પસંદ કરાવવાની કાર્યવાહી કરવામાં આવશે.

(૫) અરજી કરનાર ઉમેદવાર સામે નૈતિક અધઃપતન, પોલીસ કેસ, અંગત ગુના સબબ હાલમાં કાર્યવાહી ચાલુમાં હોય તેવા ઉમેદવારને અમાન્ય ગણવા અને આ માટે જિલ્લા કક્ષાએથી ખરાઈ કરવી. તથા સમગ્ર શિક્ષા અંતર્ગતના કર્મચારી માટે(બીઆરપી/કેજીબીવી)અગાઉ ફરજ બજાવેલ હોય અને તેમનો કરાર કોઈ ગંભીર ગુનાના કારણોસર રદ કરાયેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરેલ હશે તો તે અમાન્ય ગણાશે. તે અંગે જિલ્લાકક્ષાએથી ખરાઈ કરવી.

(૬) ટૂંકા સમયગાળાના ૧૧ માસના કરાર આધારિત (કોન્ટ્રાકટ બેઝ) તદ્દન હંગામી કામગીરી કરાર કરવામાં આવનાર છે. આ સમયગાળા બાદ તેમની કરાર આધારિત કામગીરી કરાર આપોઆપ રદ ગણાશે. ૧૧ માસના સમયગાળા દરમ્યાન સંબંધિત જિલ્લાની શાળાઓમાં તેમના જોબચાર્ટ, પ્રોજેકટ અંતર્ગત તેમને સોંપવામાં આવેલ કામગીરી તથા રાજય/જિલ્લા/ તાલુકા કક્ષાએથી સોંપવામાં આવતી સમયમર્યાદાની કામગીરી, નિશ્ચિત કરેલ સમયગાળામાં પૂર્ણ કરવાની રહેશે.

(૭) ટૂંકા સમયગાળાના ૧૧ માસના કરાર દરમ્યાન તેમની શાળામાં તેમની શૈક્ષણિક, વહીવટી અનિયમિતતા, જોબચાર્ટ મુજબની કામગીરીમાં અનિયમિતતા/નિષ્ક્રિયતા, નૈતિક અધઃપતન, અન્ગ ગંભીર ગુનાઓ, પોલીસ કેસ જેવી ફરિયાદ ઉભી થાય અને તપાસ પ્રક્રિયાના અંતે કસુરવાર ઠરવાથી, કરાર જે તે સમયે તાત્કાલિક રદ કરવામાં આવશે અને નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

(૮) આ કામગીરી સારી રીતે કરી શકે તેવા સક્ષમ ઉમેદવાર સાથે કામગીરી કરાર કરવામાં આવશે.

(૯) ઉકત કિસ્સામાં ન્યાયનું ક્ષેત્ર સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, ગાંધીનગર રહેશે.

(૧૦) કોમ્પ્યુટર કૌશલ્ય માટે સરકારશ્રીના વખતોવખતના ઠરાવ પ્રમાણે સીસીસી પરીક્ષા કે સમકક્ષ પરીક્ષા પાસ.

(૧૧) ઉકત શૈક્ષણિક અને તાલીમી લાયકાતના ગુણાંકન સમયે,

(૧) પી.ટી.સી. અને બી.એડ. ની લાયકાતના કિસ્સામાં જો બન્ને કરેલ હોય તો જે લાયકાતમાં વધારે ગુણાંકન હોય તે લાયકાતની એન્ટ્રી કરવાની રહેશે.

(૨) પીટીસીના ગુણ ગણતરી માટે શિ.વિ.ના તા.૭.૭.૦૮ના ઠરાવ ક્રમાંક : જશભ/૧૨૦૮/૨૫૮/ન થી નિયત થયા અનુસાર પી.ટી.સી.ના બીજા વર્ષના પરિણામ પત્રકમાં દર્શાવેલ કુલ લેખિત ૯૦૦ ગુણ વત્તા ૫૦ ગુણ વાર્ષિક

પાઠના અને ૫૦ ગુણ ટી.એલ.એમ./કોમ્પ્યુટર પ્રાયોગિક/વાર્ષિક પ્રાયોગિક કાર્યશિક્ષણ એમ કુલ મળી ૧૦૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને આધારે ઉપર્યુકત ટકાવારી ગણવાની રહેશે.

(૩) કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યાવસાયિક લાયકાતની અંતિમ ડીગ્રી પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

(એ) જો ઉમેદવાર પ્રથમ પ્રયત્ન અથવા બીજા પ્રયત્ન અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ(ફેલ)થયા હોય અને જયારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ ધ્યાનમાં લેવામાં આવશે.

(બી) જો ઉમેદવાર એક કરતાં વધુ પ્રયત્નથી કોઈપણ પરીક્ષા પાસ કરી હોય અને કોઈ વિષયમાં મુકિત મેળવેલ હોય તે દરેક પ્રત્યનના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નકકી કરવામાં આવશે.

(સી) જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રત્યને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સીટી ધ્વારા આતંરિક ગુણાંકન અને પ્રેકટીકલ પરીક્ષા/પાઠ ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરીક ગુણાંકન અથવા પ્રાયોગીક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુંણાકન કરતી વખતે આવા ગુણાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં, ફકત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલા જ વિષયના કુલગુણ અને મેળવેલ ગુણ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગીક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાનમાં લેવાના રહેશે.

(૪) જે તે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય, આ પ્રકારના કિસ્સામાં ગુણાંકન માટે સરકારશ્રીની વિદ્યાસહાયક ભરતીમાં ગણવામાં આવતી પધ્ધતિ અનુસાર ગણતરી કરી ગુણાંકન કરવાનું રહેશે.

(૧૨) **વયમર્યાદા :** વય મર્યાદા : ૪૦ વર્ષ

(૧૩) **માસિક મહેનતાણું :** માસિક મહેનતાણું : ૨૬૦૦૦/–

(૧૪) **ઓનલાઈન અરજીના અનુસંધાને આગળની કાર્યવાહી : <u>આગળની કાર્યવાહી માટે સમગ્ર શિક્ષાની વેબસાઈટ જોતાં રહેવું.</u>**

(૧૫) નિયત શૈક્ષણિક, વ્યવસાયિક લાયકાત તેમજ આવશ્યક અનુભવ ધરાવતા ઉમેદવાર જરૂરીયાત મુજબ લાયકાત, અનુભવ ધરાવે છે તેમ માની તેમણે દર્શાવેલ ગુણાંકન આધારે તૈયાર થયેલ સંભવિત મેરીટયાદીમાં સમાવેશ કરવામાં આવશે. જિલ્લા પંસદગી સમયે/ઈન્ટરવ્યુ સમયે જો માર્કશીટ/અનુભવ પ્રમાણપત્રોમાં વિસંગતતા હશે તો મેરીટમાં ફેરફાર થશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૧૬) રાજયકક્ષાએ તૈયાર થયેલ સંભવિત મેરીટયાદીના આધારે રાજય કક્ષાએથી જિલ્લા પસંદગી આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

(અ) જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી અને રૂબરૂ શાળા પસંદગી સમયે ઉમેદવાર ધ્વારા કરવામાં આવેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે જમા કરાવવાની હોઈ તથા તેને આધારે તેમના ગુણાંકનની ચકાસણી/ખરાઈ કરવાની હોઈ આ માટે ઉમેદવારે ઓનલાઈન અરજી સમયે દર્શાવેલ લાયકાતો આધારે ગુણાંકન નિયત કરેલ હોઈ, તે સિવાયની અન્ય લાયકાતના ગુણાંકનને જિલ્લાકક્ષાએ પ્રમાણપત્ર ચકાસણી/રૂબરૂ સ્થળ પસંદગી સમયે મેરીટ માટે માન્ય ગણાશે નહિ.

(બ) ખરાઈ આધારે અમાન્ય ઉમેદવારોની ઉમેદવારી રદ બાતલ કરવામાં આવશે.

(ક) પસંદગી સમિતિના સભ્યો સમક્ષ મેરીટ મુજબના ઉમેદવારોને બોલાવીને તેમને પસંદગીના જિલ્લા માટે તક આપીને તેની સંમતિ મેળવીને તદ્દ અનુસાર ઉમેદવારે પસંદ કરેલ જિલ્લાની યાદીમાં તેમનો સમાવેશ કરવામાં આવશે.

(ડ) રાજય કક્ષાએ ખાલી જિલ્લા માટે મેરીટ મુજબ ઉમેદવાર કોઈ જગ્યા માટે પસંદગી ન દર્શાવે તો તેનો હકક જતો રહેશે અને ભવિષ્ય આ જગ્યા માટેનો હકકદાવો કરી શકશે નહિ.

(૧૭) "સ્કુલ ઓફ એકસીલન્સ શાળાઓમાં ધોરણ–૬ થી ૮ ના કરાર આધારિત શિક્ષકો" ની જગ્યા બજેટમાં જોગવાઈ કરવામાં આવશે નહિ ત્યારે આ જગ્યા બંધ કરવામાં આવશે. આ જગ્યા બંધ થતા "સ્કુલ ઓફ એકસીલન્સ શાળાઓમાં ધોરણ–૬ થી ૮ ના કરાર આધારિત શિક્ષકો " તરીકે કામ કરતાં કરાર આધારિત કર્મચારીઓના કરાર આપોઆપ સમાપ્ત થયેલા ગણાશે અથવા તેમના કરાર સમાપ્ત કરી છુટા કરવામાં આવશે. આ માટે કરાર આધારિત કર્મચારી/ઉમેદવાર કોઈપણ પ્રકારની દાવેદારી કે કોર્ટકેસ કરી શકશે નહિ.

(૧૭) **સામાન્ય સૂચનાઓ :**

(૧) વયમર્યાદા, અનુભવ , લાયકાત વગેરે માટે ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ ગણતરીમાં લેવી.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ સમગ્ર શિક્ષા માંગે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(૩) આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન પ્રતિનિયુકિતથી તદ્દન હંગામી ધોરણ૧૧ માસના ટુંકા સમયગાળાના કરાર આધારિત કરાર કામગીરી નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે. કરારનો સમયગાળો પૂર્ણ થયેથી તેમની નિમણૂંક આપોઆપ રદ થયેલ ગણાશે.

(૪) ઉમેદવાર પોતે મેરીટમાં સમાવશે થવાથી કે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાનો હકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે સમગ્ર શિક્ષા પ્રોજેકટની સેવા સારું તે, નિયત કરેલ લાયકાત,શરતો અનુસાર યોગ્ય જણાતો નથી તો જે તે તબકકે આવા ઉમેદવારને તેની નિમણૂંક "રદ" કરીને પડતો મૂકી શકાશે. નિમણૂંક બાબતે સમગ્ર શિક્ષાનો નિર્ણય આખરી ગણાશે.

(૫) આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીને રહેશે અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.

(૬) કોઈપણ ઉમેદવાર (૧) તેની ઉમેદવારી માટે કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેંડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૩) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવાના સંજાગોમાં કોઈપણ તબકકે ઉમેદવારી અથવા કરાર આધારિત નિમણૂંક રદ કરી શકાશે.

(૭) ઉમેદવારે ઓનલાઈન અરજી નિયત સમયમર્યાદામાં કરવાની રહેશે.

(૮) ઓનલાઈન સિવાયની કોઈપણ અરજી જિલ્લા/રાજય કક્ષાની કચેરીએ સ્વીકારવા કે માન્ય રાખવામાં આવશે નહિ.

(૯) અરજી કર્યાબાદ ઉમેદવાર ધ્વારા ભરતી કે નિમણૂંક અંગે ઈન્ટરવ્યુ દરમિયાન ટેલિફોનીક અથવા પત્ર વ્યવહાર ધ્વારા લાગવગ/ ભલામણ કરવામાં આવશે તો તે ઉમેદવારની અરજી રદ કરવામાં આવશે.

(૧૦) ઈન્ટરવ્યુ પ્રક્રીયા પૂર્ણ થયા બાદ ઉમેદવારને મેરીટ મુજબ પસંદ કરેલ જગ્યા માટે કામગીરી કરાર કરવામાં આવશે. આ અંગે કોઈપણ ઉમેદવાર જગ્યાના કરાર સબંધે વારંવાર કચેરીને ભલામણ કરતો જણાશે તો તેના કરાર રદ કરવામાં આવશે.

(૧૧) સમગ્ર શિક્ષા અંતર્ગત હાલ કરાર આધારિત નિમણૂંક પામેલ કોઈપણ કર્મચારી અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારની નિમણૂંક નવી નિમણૂંક ગણાશે અને જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું ફિકસ મહેનતાણું મળવાપાત્ર રહેશે.

(૧૨) ઓનલાઈન અરજી Submit કર્યા બાદ સ્ક્રીન પર દર્શાવવામાં આવેલ Application number નોંધી લેવાનો રહેશે.

(૧૩) ઉમેદવારે ઓનલાઈન અરજી કરવા માટે સૌ પ્રથમ **Registration** કરવાનું રહેશે જેમાં ઉમેદવારે પોતાનું નામ, માતાનું નામ, જન્મતારીખ, ઈમેલ, મોબાઈલ નંબર, પાસવર્ડ, ઉમેદવારનો તાજેતરનો ફોટો અને સહીનો નમૂનો **200 kb** થી વધે નહી તે રીતે સ્કેન કરી **Upload** કરવાના રહેશે. **Registration** ફોર્મમાં આપેલ **Email Address** પર **Account Activate** કરવા અંગેનો ઈમેલ આવશે. જેમાં **Click here To Activate** પર **Click** કરવાથી આપનું **Register** કરેલ **Account Activate** થશે. ત્યારબાદ **Login** થઈ જે તે જગ્યા સામે **Apply Button** પર **Click** કરી અરજી કરવાની રહેશે.

(૧૪) On line Application Save કર્યા બાદ જો અરજીમાં કોઈ ભૂલ જણાય તો Edit Button પર કલીક કરી આપની અરજીમાં સુધારો કરી શકાશે.

(૧૫) આપની અરજીને Confirm Button પર કલીક કરી આપની અરજીને Submit કરવાની રહેશે. **Submit કરેલી અરજી જ માન્ય ગણાશે** અને Submit થયા પછી અરજી પત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(૧૬) **Submit કરેલી અરજીમાં કોઈપણ પ્રકારનો સુધારો–વધારો કરી શકાશે નહિં જેની નોંધ લેવી.**

(૧૭) ઈન્ટરવ્યુ વખતે પ્રિન્ટ લીધેલ અરજી પત્રકમાં અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તથા અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

(૧૮) ઓનલાઈન અરજી કર્યાબાદ અરજી પત્રકમાં કોઈ ભૂલ જણાય તો નવેસરથી ફરીવાર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૧૯) જરૂર જણાયે ફાઈનલ મેરીટના ઉમેદવારોમાંથી સ્થળ પસંદગી માટે કટ ઓફ માર્કસ સ્ટેટ પ્રોજેકટ નિયામકશ્રી ધ્વારા નકકી કરવામાં આવશે. જે સર્વે બંધનકર્તા રહેશે.

(૨૦) **બધી જ સુચનાઓ વેબસાઈટ પર જ પ્રસિધ્ધ કરવામાં આવશે. આ ભરતીની સમગ્ર પ્રક્રિયા દરમ્યાન આ વેબસાઈટ નિયમિત ચેક કરવાની રહેશે. ભરતીની કાર્યવાહી સંબંધે અત્રેની કચેરીથી અલગથી કોઈ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.**

## પરિશિષ્ટ – ૩

## ઓનલાઈન ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શિકા

**ખાસ નોંધ :**

૧. ફોર્મ કોલમ અનુક્રમ નંબર મુજબ જ ભરવું.

૨. એક કરતાં વધુ પ્રયત્ને પાસ થયા હોય તેવા અરજદારે :

- છેલ્લે પાસ કરેલ પરીક્ષાનો સીટ નંબર અને વર્ષ લખવું.
- તમામ માર્કશીટના ગુણનો સરવાળો કરી એન્ટ્રી કરવી, દા.ત. પહેલા પ્રયત્નમાં કુલ ૭૦૦ માંથી ૪૫૦ ગુણ અને બીજા પ્રયત્નમાં કુલ ૪૦૦ માંથી ૩૦૦ ગુણ મેળવેલ હોય તો કુલ ગુણમાં ૧૧૦૦ (૭૦૦+૪૦૦) અને મેળવેલ ગુણમાં ૭૫૦(૪૫૦+૩૦૦) એન્ટર કરવા.

૩. જયારે સ્ક્રીન પર Please Wait દર્શાવતું હોય ત્યારે કોઈ પણ એન્ટ્રી કરવીં નહીં.

૪. તમામ માહિતી અંગ્રેજીમાં ભરવાની રહેશે.

૫. કેટલીક યુનિવર્સિટીની માર્કશીટમાં ગ્રેડ પધ્ધતિ અનુસાર ઉમેદવારના કુલ ગુણમાંથી મેળવેલ ગુણ દર્શાવેલ હોતા નથી. આવા ઉમેદવારોએ જે તે યુનિવર્સિટીમાંથી કુલ ગુણ/મેળવેલ ગુણ અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. તે મુજબ ગુણ દર્શાવવાના રહેશે. જો ઉમેદવાર આ પ્રકારનું પ્રમાણપત્ર રજુ ન કરી શકે તો ગ્રેડ પધ્ધતિમાં દર્શાવેલ ગ્રેડના રેન્જની લઘુતમ ટકાવારી મુજબના ગુણ અરજીપત્રકમાં ભરવાના રહેશે. કુલ ગુણ ૧૦૦૦ અને ટકાવારી અનુરૂપ મેળવેલ ગુણ દર્શાવવાના રહેશે. (દા.ત. જો ૭૧% હોય તો કુલ ગુણ ૧૦૦૦ અને મેળવેલ ગુણ ૭૧૦ દર્શાવવા)

(૧). **ઉમેદવારનું પુરૂ નામઃ** અટક, નામ, અને પતિ/પિતાનું નામ તમારી માર્કશીટ પ્રમાણે એન્ટર કરો.

(૨). **પત્ર વ્યવહારનું સરનામું:** પત્ર વ્યવહાર માટે હાલના સરનામાંની વિગત એન્ટર કરો.

✓ "ફોન નંબર" માં તમારો ફોન નંબર એન્ટર કરો.

✓ "ઈમેલ એડ્રેસ" માં તમારું ઈમેલ એડ્રેસ એન્ટર કરો.

✓ "જન્મ તારીખ" માં "DD" માંથી તમારી જન્મની તારીખ પસંદ કરો. "MM" માંથી તમારા જન્મનો મહિનો પસંદ કરો. અને "Year" માંથી તમારા જન્મનું વર્ષ પસંદ કરો. તમારી ઉમર આપોઆપ આવી જશે.

✓ "જાતિ" માં સ્ત્રી અથવા પુરૂષ પસંદ કરો.

(૩). **શૈક્ષણિક લાયકાતઃ**

"શૈક્ષણિક લાયકાત" માં ડ્રોપ ડાઉનમાંથી નીચે પૈકીના વિકલ્પ માંથી પસંદગી કરો.

➢ **સ્નાતક / અનુસ્નાતક / અન્ય લાયકાત માટેઃ**

- ડ્રોપ બોક્ષમાં દર્શાવ્યા મુજબ વિકલ્પ પસંદ કરો.
- University / Organization / Institute નું નામ લખવું.
- Year of Passing માં ડીગ્રી પાસ કર્યાનું વર્ષ એન્ટર કરો.
- Exam Seat No માં તમારો સીટ નંબર એન્ટર કરો.
- કુલ ગુણ અને મેળવેલ ગુણ એન્ટર કરો. ટકા આપોઆપ આવી જશે.
- તમારો પ્રયત્ન ડ્રોપ ડાઉનમાંથી સિલેકટ કરો.

(૪). **અનુભવ : (આવશ્યક લાયકાત મેળવ્યા પછીનો જ અનુભવ એન્ટર કરવો)**

➢ તમારા પહેલા અનુભવથી શરૂઆત કરી આખરી અનુભવ સુધી ક્રમ માંજ એન્ટ્રી કરો.

✓ દા.ત. company ABC માં 1-Jan-1990 થી 30-May-1995 સુધીનો અનુભવ હોય અને company XYZ 1-Jun-1995 થી 15-Dec-2001 સુધીનો અનુભવ હોય તો company ABC ની વિગત પ્રથમ એન્ટર કરો. તે પછી જ company ABC ની એન્ટ્રી કરો.

તમામ વિગતો ભરી Submit પર કિલક કરો.

**નોંધઃ–**

- પ્રિન્ટ કાઢયા પછી હાથ થી સુધારા/વધારા કરેલા અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં.
- ઈન્ટરવ્યુ માટેની સૂચના, મેરીટ લિસ્ટ વગેરે માટે ઓનલાઈન **http://www.ssagujarat.org** વેબસાઈટ જોતી રહેવાની રહેશે. અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિ.